

સૅક્ટર-૩ ન્યૂ વસાહત મંડળના કાર્યાલયનું ઉદ્‌ઘાટન સ્થાનિક વસાહતીઓની ઉપસ્થિતિમાં યોજાયું હતું. સૅક્ટરના વરિષ્ટ વસાહતી હિમાંશુભાઈ વ્યાસના વરદ હસ્તે આ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજા, મહામંત્રી દુષ્યંત શ્રીમાળી, નવદુર્ગા સેવા ટ્રસ્ટના પ્રમુખ સંજય પટેલ, મહામંત્રી બિપીન પરમાર અને અન્ય હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રેરણા વિદ્યાલય ખાતે ક્વેસ્ટ સૅન્ટરનો પ્રારંભ





સૅક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય ખાતે બાળકોના ચારિત્ર્ય ઘડતર માટે વિશેષ જાગૃતિ લાવવા અને બાળકોના સર્વાંગી વિકાસ માટે અસરકારક પગલાં લેવાના ભાગરૂપે લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ક્વેસ્ટ સૅન્ટરનો શુભારંભ કરવામાં આવ્યો છે.

આ ઉપક્રમે શુક્રવારે ઉદ્‌ઘાટન સમારોહ વિદ્યાલય ખાતે યોજવામાં આવ્યો હતો, જેની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. શાળામાં લાયન્સ ક્વેસ્ટ ડિરેક્ટર, સૌદામિનીબેન પટેલ, ક્વેસ્ટ કમિટી ચૅરમૅન મીનાબેન પટેલ, કો ચૅરપર્સન વૈશાલીબેન જોષી, લાયોનેસ ક્લબ, ગાંધીનગરનાં પ્રમુખ દેવલબેન જોષી સાથે સભ્યો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સૌદામિનીબેને ક્વેસ્ટ સૅન્ટરના માધ્યમ દ્વારા બાળકો તથા વાલીઓને ઉપયોગી પુસ્તકો અર્પણ કર્યાં હતાં અને બાળ ઉછેરમાં ધ્યાનમાં રાખવા જેવી બાબતો ઉજાગર કરવામાં આવે છે એમ જણાવી ક્વેસ્ટ સૅન્ટર વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરે છે એમ જણાવ્યું હતું.

પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રીએ આભાર દર્શન કરતાં એ બાબતનો ઉલ્લેખ કર્યો હતો કે પ્રેરણા વિદ્યાલય આ વખતે સતત ત્રીજા વર્ષે લાયોનેસ ક્લબ સાથે ક્વેસ્ટ સૅન્ટરના માધ્યમથી જોડાઈ રહી છે. તેમણે આ કામગીરી પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પારૂલબા રાઠોડે કર્યું હતું.

## જન્મદિને વધામણી



મંજુબેન અજીતસિંહ ભટ્ટી
મો. ૯૩૨૭૪ ૭૦૨૮૨



ધ્યેય એચ પંડ્યા
મો. ૯૫૫૮૦ ૫૦૩૦૮



દેવાંશ રણછોડભાઈ રથવી



દેવલ ગિરીશ પંડ્યા
મો. ૭૯૧૪૩ ૬૮૨૯૫

# સૅ. ૫ પ્રેરણા વિદ્યાલય ખાતે આજથી આધાર કાર્ડનો કૅમ્પ

ગાંધીનગર, તા. ૮

પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ ખાતે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શનિવારથી ત્રણ દિવસ સુધી આધાર કાર્ડ કઢાવવાની કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રિન્સિપાલ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ત્રણેય દિવસ સવારે ૯થી સાંજે ૪ વાગ્યા સુધી આધાર કાર્ડ કઢાવવાની કામગીરી ચાલશે, જેનો લાભ વિદ્યાલયના વિદ્યાર્થીઓ, વાલીઓ અને સૅક્ટરના વસાહતીઓ પણ લઈ શકશે.

જેમને આધાર કાર્ડ કઢાવવાના બાકી હોય એ તમામ વસાહતીઓને આ સુવિધાનો લાભ લેવા તેમણે અપીલ કરી છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ સન્માનાયા





ગાંધીનગર, તા. ૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શહેરની બે શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

ટુડે કંપનીના સૌજન્યથી સરસ્વતી માધ્યમિક શાળા તથા પ્રેરણા વિદ્યાલયમાં ધોરણ-૧૦, ૧૨ની પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓનું સન્માન સંસ્થા દ્વારા ગુરુવારે કરવામાં આવ્યું હતું.

બંને શાળાઓના કુલ ૧૪ વિદ્યાર્થીઓને ૧૦ બૉલપૅનનો સૅટ આપવામાં આવ્યો હતો અને ધોરણ-૮થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને પણ બૉલપૅનનું વિતરણ કરવામાં આવ્યું હતું. બંને સ્કૂલ્સમાં આચાર્ય, સ્ટાફ તથા ટ્રસ્ટી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે સંસ્થા પ્રતિ અભારની લાગણી વ્યક્ત કરી હતી.

આ સેવાકાર્યમાં બિહોલાજી, મિલિન્દભાઈ, સુરેશ ઝવેરી ઉપસ્થિત રહ્યા હતા જેમણે પ્રેરક પ્રવચન દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનું પ્રેરક કાર્ય પણ કર્યું હતું.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વૃક્ષારોપણ



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. શાળાના મેદાનની આસપાસ ફેન્સિંગની નજીક ખાડા કરીને વિદ્યાર્થીઓ દ્વારા નાના છોડનું આરોપણ કરવામાં આવ્યું હતું અને તેમને પાણી સીંચવામાં આવ્યું હતું. દરેક છોડ શાળાના કૉમર્સ વિભાગના વિદ્યાર્થીઓને દત્તક આપવામાં આવ્યા હતા, જેથી વિદ્યાર્થીઓમાં છોડના સંવર્ધનની ભાવના વિકસે.

# દરેક યુગમાં એક ભૃગુરાય મળે તો સાહિત્ય અવળી દિશામાં ન જાય




### ભૃગુરાયની સૌન્દર્યદષ્ટિ વિશે ચંદ્રકાન્ત ટોપીવાળા

- ભૃગુરાય સાથે નાદ અને લય હંમેશાં સંકળાયેલ છે, તે આપણા સૌંદર્યદષ્ટિ પામેલા વિવેચક છે, શુષ્ક નહીં.
- વાંદરા (બાન્દ્રા)ની ખાડીની ગંધની વચ્ચે પીપળને પકડે તે ભૃગુરાય હોઈ શકે.
- સાહિત્યને જીવન સાથે લેવાય, માત્ર સાહિત્ય જ પૂરતું નથી.
- પ્રથમ સંરચનાવાદી દૃષ્ટિથી કાન્તની કૃતિ પૂર્વાલાપ તપાસનાર ભૃગુરાય હતા. ૧૯૫૬ પછી જે સંરચનાવાદ આવે છે તેના વૈતાલિક ભૃગુરાય બને છે.
- ભૃગુરાયની હયાતીમાં એમનું એકપણ પુસ્તક પ્રગટ થયું ન હતું.
- કવિને કંઠી ના હોય, કંઠ હોય... ઉમાશંકર જોષી
- ભૃગુરાયની ટકોર અસ્તિત્વને હચમચાવી દે તેવી હોય છે.
- તેઓ પોતાનો અભિપ્રાય નિખાલસપણે આપતા, કોઈને થાબડભાણા કરતા નહીં.
- વિવેચક કેવો હોય તેનો મોટો આદર્શ એટલે ભૃગુરાય.
- દરેક યુગમાં એક ભૃગુરાય મળે તો સાહિત્ય અવળી દિશામાં ન જાય

ગાંધીનગર, તા. ૮

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા ગુરુવારે ગોવર્ધન સ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે સાહિત્ય સંશોધક, વિવેચક ભૃગુરાય દુર્લભજી અંજારિયાની ૩૭મી પુણ્યતિથિ નિમિત્તે 'ભૃગુરાયની સૌન્દર્યદષ્ટિ' વિશે કવિ, વિવેચક, સાહિત્યકાર ચંદ્રકાન્ત ટોપીવાળાનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. કાન્તનાં ખંડકાવ્યોમાં વૃત્તોનું આયોજનપૂર્વક નિરુપણ હતું, માત્ર વૈવિધ્ય ખાતર નહીં, તે ભૃગુરાયે સિદ્ધ કરી બતાવ્યું, એમ ચંદ્રકાન્ત ટોપીવાળાએ ભૃગુરાય વિશે બોલતાં જણાવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન કવિ મનિષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જાણીતા કવિ, સાહિત્યકાર જયદેવ શુક્લ, ચિનુ મોદી, રાજેન્દ્ર પટેલ, સતીશ વ્યાસ, હર્ષદ ત્રિવેદી, બિન્દુ ભટ્ટ, જયંદ ડાંગોદરા, ચિરાગ ઠક્કર, ઉજમસી પરમાર અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
સુલતાન ૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
સુલતાન ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દાવ થઈ ગયો યાર ૧૨.૩૦, ૩.૦૦
સુલતાન ૫.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

# મમ્મીઓના ડાન્સ જોઈ પ્રેક્ષકો બોલ્યા, 'મમ્મી છો, પણ લાગતાં નથી'

**એ-સ્ટાર ડાન્સ ઍકેડેમી દ્વારા આયોજિત મા-દીકરીના ડાન્સના કાર્યક્રમ સાથે જ 'નવરી બજાર' અને 'ઉજી.કૉમ' ફિલ્મના કલાકારો સાથે પ્રોમો યોજાયો : બાજીરાવ મસ્તાની ફિલ્મના પિંગા ગીત પર અદ્‌ભૂત નૃત્ય વન્સમોર મેળવી ગયું**




ગાંધીનગર નૃત્ય ક્ષેત્રે અનેક સંસ્થા કામ કરે છે, એમાં એક નવોદિત સંસ્થા એ-સ્ટાર ડાન્સ ઍકેડેમીનો ઉમેરો થયો છે. સંસ્થાએ એક વર્ષ પૂર્ણ કર્યાના પ્રસંગે એમની સંસ્થાના સભ્યોનો એક સુંદર નૃત્યોનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો... અને થીમ હતી મા-દીકરીનો ડાન્સ. મોટાભાગે દીકરી-દીકરા ડાન્સ કરતાં હોય અને ૩૫-૪૦-૪૫ વર્ષની મમ્મીઓ ઘર પરિવારની જવાબદારીમાં વ્યસ્ત થઈ જતી હોય છે, એવી મમ્મીઓ અને એમાંય કેટલીક તો પ્રથમ વાર જ ટાઉનહૉલ જેવા વિશાળ સ્ટેજ પર નૃત્ય પ્રદર્શિત કરી રહી હતી...

સોલ ફૉર ડાન્સ શિર્ષક હેઠળ બીગશૉટ ઈવેન્ટ મૅનેજમૅન્ટના સંચાલક સંજય તન્ના દ્વારા આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના આરંભે દીપ પ્રાગટ્ય સંગીત નાટક અકાદમીના ચૅરમૅન યોગેશ ગઢવી, જીટીપીઍલના પ્રમુખ સાગર રાવ, કથ્થક ગુરુ કુમુદબેન ભટ્ટ અને ઍડવોકેટ બી આર શર્માના હસ્તે કરવામાં આવ્યું. રસોડાની રાણી, પતિ પરમેશ્વર અને વહાલસોયી મા સંસારના ચક્રમાં સ્વેચ્છાએ જોતરાઈ જાય છે, એને નવું જોમ, શક્તિ, ઉત્સાહ મળે એ માટે ખાસ મા-દીકરીનું કૉમ્બિનેશન કરી આ કાર્યક્રમ ઘડ્યો છે એવું સંજય તન્નાએ જણાવી મમ્મીઓને પાનો ચડાવ્યો હતો.

ગણપતિ વંદના સાથે શરૂ થયેલો ડાન્સ કમબખ્ત ઈશ્કના ગીત ક્યું ફૂલોં કે... પર. એ જ ખબર ન પડે કે દીકરી કોણ અને મમ્મી કોણ ! તારે ઝમીં પર ફિલ્મના ગીત બમ બમ બોલે... ગીતમાં પાંચ-સાત વર્ષની બાળકીઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. લૅટ્સ પાર્ટી ગીત સાથે રાજે ઑડિયન્સમાંથી આવીને હીપ-હૉપ ડાન્સ કર્યો ને એમાંય છેલ્લે ગુજરાતી દુહા સાથેના સ્ટેપ્સ ડોલાવે એવા રહ્યા. તન્વી-મોહિતે રજૂ કરેલો 'લાડકી' ડાન્સ ભાવવિભોર બન્યો.

છેલ્લાં થોડાં વર્ષોમાં ગુજરાતી ફિલ્મો પ્રેક્ષકોને થિયેટર સુધી ખેંચવામાં સફળ રહી છે. ગુજરાતના જાણીતા કલાકાર જિતેન્દ્ર ઠક્કરની નવી ફિલ્મ 'નવરી બજાર' આવી રહી છે. આ ફિલ્મનો પ્રોમો કરવા એમના કલાકારોની ટીમ સ્ટેજ પર આવી હતી. કલાકારોનો પરિચય અને ફિલ્મની વાતો જિતેન્દ્ર ઠક્કરે કરી.

મૈં ઘણી બાવરી હો ગઈ... સાથે આવેલા ડાન્સમાંથી ઍનર્જી ગાયબ હતી, એના પછી આવેલા લેટ્સ નાચો ગીતમાં માત્ર ૧૦-૧૨ વર્ષનાં બાળકો મન મૂકીને નાચ્યાં હતાં.... બાજીરાવ મસ્તાની ફિલ્મના ગીત પિંગા... પર પેશવાઈ નૃત્ય કાર્યક્રમનું શ્રેષ્ઠ પરફોર્મન્સ બની રહ્યું અને જ્યારે ઍન્કર રેણુકા સક્સેનાએ પરિચય કલાવ્યો ત્યારે ખબર પડી કે આ નૃત્ય પરફોર્મ કરનાર અંજલી તન્ના અને હેતલ ભટ્ટી તો કોરિયોગ્રાફર છે. આ પરફોર્મન્સથી એમણે પોતાનું નામ, કામ યથાર્થ કર્યું.

વિશેષ આનંદની વાત એ રહી કે આ દીકરી અંજલી તન્ના માત્ર ૧૭ વર્ષની છે. એણે પોતે તો કાર્યક્રમમાં પરફોર્મ કર્યું જ, પણ સાથી કલાકારો, બાળકો અને મમ્મીઓને પણ દિલથી નચાવ્યાં.

આ કાર્યક્રમમાં અન્ય એક ગુજરાતી ફિલ્મ 'ઉજી.કૉમ'નો પણ પ્રોમો થયો. એના કલાકારો બિલકુલ યુવાન હતા. મુખ્ય કલાકાર યશ બારોટે ફિલ્મ અને કલાકારોનો પરિચય આપ્યો. ફિલ્મના એક દશ્યની વાત પણ એણે અને હિરોઈને કરી પરંતુ એ ચિપ ડાયલૉગ્સ અને હરકત ચિતરી ચઢે એવાં હતાં. એ કલાકારે 'મન મોર બની થનગાટ કરે' સુંદર રીતે રજૂ કરી વાહ-વાહ મેળવી પણ ભાઈ જાણે યોગેશ ગઢવીને ઈમ્પ્રેસ કરવા આવ્યા હોય એમ જ વધુ લાગ્યું, ફિલ્મના પ્રોમોની જગ્યાએ પોતાની જ જાહેરાત વધુ થવા લાગી !

'ચિટીયાં કલૈયાં વે...'માં પણ એ જ હાલ હતાં, કૉમ્બિનેશનનો અભાવ અને ઍનર્જી ગાયબ... 'આશિયા'ના 'ઈત્તી સી હસી...' સાથે ફરી બાળકોએ ઈજ્જત બચાવી લીધી. વગડાની વચ્ચે વાવડી... ગરબો આવતાં કલાકારો અને પ્રેક્ષકો બંને ગેલમાં આવી ગયા.

ગુજરાતી ફિલ્મ સંગીત અને જીંગલ્સમાં સમીર રાવલ-માના રાવલ એક મજબૂત નામ છે. આજની બંને ફિલ્મોના સંગીતકાર એ જ હતા. એમની અન્ય ઓળખ એટલે 'વૉશિંગ પાવડર નિરમા...'ની જાહેરાતનું સંગીત. એ બંનેનું સ્ટેજ પર સન્માન કરવામાં આવ્યું હતું.

જ્વેલથીફના ગીત હોઠોં પે ઐસી બાત... ડાન્સ ફોર્ટી પ્લસ મમ્મીએ પ્રથમવાર સ્ટેજ પર કરીને તાળીઓ મેળવી... દેવદાસનું સિલસિલા યે ચાહત કા... દીવા સાથે સુંદર રીતે પરફોર્મ થયું.

ભારતના બે હજાર વર્ષ પુરાણા નૃત્ય ભરતનાટ્યમ અને એ પછીનો ઘુમર ડાન્સમાં અંજલી તન્ના અને હેતલ ભટ્ટીની મહેનત દેખાઈ આવી.

આ કાર્યક્રમમાં મુંબઈથી બોલાવેલી ઍન્કર રેણુકા સક્સેના કોઈ પણ તૈયારી વગર આવેલી દેખાઈ અને માથે પડ્યા જેવી હતી. વિરેન ઠક્કર નામના બીજા ઍન્કરને સહન કરવો પણ અસહ્ય હતો. નિવિદ દેસાઈ નામનો ત્રીજો ઍન્કર સ્ટેજ પર કેમ આંટા મારતો હતો ? એ ખબર ન પડી. બે ડાન્સ વચ્ચે પડતી ગૅપ, એકના એક કલાકારો દ્વારા કરાયેલા ડાન્સથી ઘટેલી ઍનર્જી, ઍન્કર્સ દ્વારા ઉતારાતી વેઠ, ફિલ્મ પ્રોમોવાળાની વધુ પડતી લવરી ઈવેન્ટના આયોજકો માટે માથાનો દુખાવો બની રહી. મા-દીકરીની સુંદર થીમ અને મહેનત પર આ બધી બાબતો પાણી ફેરવી ગઈ. બીજી વખતે ભૂલો સુધારી તૈયારી કરીને આવે એવી અપેક્ષા કરવી રહી.





# વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**